પેજ 3

## હનીમૂન મનાવવા આમિર ખાન પત્ની ગૌરી સાથે ઓસ્ટ્રેલિયા રવાના



મુંબઈ, તા. 11 બોલિવૂડના મિસ્ટર પરફેક્શનિસ્ટ એક્ટર આમિર ખાન અને પત્ની ગૌરી સ્પ્રેટ તાજેતરમાં જ 5 જુલાઈએ મુંબઈના બાંદ્રા સ્થિત ઘર પર રજિસ્ટર્ડ મેરેજ કર્યા હતા. હવે બંનેને લઈને સમાચાર સામે આવી રહ્યા છે કે તેઓ ઓસ્ટ્રેલિયા જવા રવાના થઈ ગયા છે. એવું જણાવવામાં આવી રહ્યું છે કે આમિર પોતાના પ્રોફેશનલ કમિટમેન્ટ્સના કારણે મેલબોર્ન પહોંચ્યા છે, પરંતુ તેમણે આ વર્ક ટ્રિપને ફેમિલી વેકેશનમાં પણ બદલવાનો પ્લાન બનાવ્યો છે. ઓસ્ટ્રેલિયામાં ક્વોલિટી ટાઇમ સ્પેન્ડ કરશે. અહેવાલ મુજબ, આમિર ખાન અને ગૌરી સ્પ્રેટ લગ્નના થોડા દિવસો બાદ જ ઓસ્ટ્રેલિયા ટ્રિપ પર પોતપોતાના પુત્રો સાથે ગયા છે.

## આમિર ખાનની પાલી હિલમાં રૂ. 100 કરોડનો સ્કાય વિલા બનાવવાની યોજના




મુંબઈ, તા. 11: અહેવાલો અનુસાર, આમિર ખાન માત્ર એક લક્ઝરી હોમ કરતાં કંઈક વધુ બનાવી રહ્યો છે. એવું કહેવાય છે કે, આ અભિનેતા મુંબઈના પોશ પાલી હિલમાં એક વિશાળ ઘણી પેઢીઓને રહેવા લાયક એક કૌટુંબિક ઘર બનાવવાનું આયોજન કરી રહ્યો છે, જ્યાં ચાલુ પુનઃવિકાસ પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી તેનો લગભગ સમગ્ર પરિવાર એક જ છત નીચે રહેશે. આમિરની રૂ. 100 કરોડનો સ્કાય વિલા બનાવવાની યોજના છે. આ મહત્ત્વાકાંક્ષી યોજના 2024ની છે, જ્યારે એવા અહેવાલ આવ્યા હતા કે આમિર કામચલાઉ ધોરણે તેના નિવાસસ્થાનમાંથી બહાર રહેવા જશે. કારણ કે, નજીકની બે રહેણાક ઇમારતો–બેલા વિસ્ટા અને મરીના એપાર્ટમેન્ટ્સ–પુનઃવિકાસ હેઠળ જવાની હતી. આ પ્રોજેક્ટના ભાગ રૂપે બંને ઇમારતો તોડી પાડવામાં આવશે અને તેની જગ્યાએ નવી ઇમારતો બનાવવામાં આવશે, જે 2030 સુધીમાં તૈયાર થઈ જવાની અપેક્ષા છે.

## સલમાન ખાને બાંદ્રા સ્થિત પોતાનો ફ્લેટ રૂ. ૩.૫૦ કરોડમાં વેચ્યો



મુંબઈ, તા.11: સલમાન ખાને મુંબઈના બાંદ્રા વેસ્ટમાં આવેલા શિવ-અસ્થાન હાઇટ્સમાં પોતાનો એક ફ્લેટ ૩.૫૦ કરોડ રૂપિયામાં વેચી દીધો છે. પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, તેમણે આ ફ્લેટ વર્ષ ૨૦૧૫માં ૨.૮૮ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. રિપોર્ટ મુજબ, આ ડીલ ૯ જુલાઈએ થઈ હતી. આ ફ્લેટ મુનીરા અકબરઅલી ડંડાવાલા, મહદિયાલી અકબરઅલી ડંડાવાલા અને ઝેહરા મહદિયાલી ડંડાવાલાએ મળીને ખરીદ્યો હતો. આ ટ્રાન્ઝેક્શન પર ૨૧ લાખ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી અને ૩૦,૦૦૦ રૂપિયાની રજિસ્ટ્રેશન ફી ચૂકવવામાં આવી હતી. દસ્તાવેજો અનુસાર, ફ્લેટનો કાર્પેટ એરિયા ૭૫૮ સ્ક્વેર ફૂટ છે અને તેમાં બે કાર પાર્કિંગ સ્પેસ પણ છે.

## એક લગ્ન સમારંભમાં ટેલર સ્વિફ્ટ વૉર્ડરોબ માલ ફંક્શનનો ભોગ બની



ન્યૂયોર્ક, તા.11 : ટેલર સ્વિફ્ટ જ્યારે તેના પતિ ટ્રેવિસ કેલ્સ સાથે પૂર્વ 'ચીફ્સ' સ્ટાર જુજુ સ્મિથ-શુસ્ટરના લગ્નમાં હાજરી આપવા પહોંચી, ત્યારે એક આકર્ષક ગુલાબી ગાઉનમાં તેણી 'વોર્ડરોબ માલફંક્શન' (વસ્ત્ર સરકી જવાની ક્ષોભજનક સ્થિતિ)નો ભોગ બની હતી. ૩૬ વર્ષીય ગ્રેમી વિજેતા ગાયિકા અને આ એનએફએલ (NFL) ખેલાડીની આ હાજરી, આ નવપરિણીત યુગલે ન્યૂયોર્ક સિટીના મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં ૧,૦૦૦ મહેમાનોની હાજરીમાં લગ્ન કર્યાના બરાબર એક અઠવાડિયા પછી જોવા મળી છે. લગ્નના ફૂટેજમાં, આ 'લવ સ્ટોરી' ફેમ ગાયિકા ફૂલોની ડિઝાઈન અને ઘેરાવવાળા સ્કર્ટવાળા બાય વગરના ગુલાબી ડ્રેસમાં આ વિશાળ સ્થળ પર બહાર અન્ય મહેમાનો સાથે હળતી-મળતી જોઈ શકાતી હતી. એક ક્ષણે, જ્યારે આ મ્યુઝિક આર્ટિસ્ટ કોઈની વાત સાંભળી રહી હતી, ત્યારે અચાનક તેના બંને હાથ તેના છાતીના ભાગ તરફ (પોતાનો ડ્રેસ સરખો કરવા) ગયા હતા.

## ટેલર સ્વિફ્ટના લગ્નનો કચરો પણ લાખ રૂપિયામાં વેચાયો



ન્યૂયોર્ક, તા. 11: હોલીવુડ સ્ટાર ટેલર સ્વિફ્ટ અને એનએફએલ ખેલાડી ટ્રેવિસ કેલ્સનાં લગ્ન બાદ વેન્યુની બહારનો કચરો માત્ર ૨૪ કલાકમાં લાખો રૂપિયામાં વેચાયો છે. ક્રેઝી ફેન્સે ટેલર પ્રત્યેની દીવાનગીમાં આ કચરાને મોંઘા ભાવે ખરીદી લીધો છે. ન્યૂયોર્કના એક આર્ટિસ્ટ જસ્ટિન ગિગ્નાકે મેડિસન સ્ક્વેર ગાર્ડન બહારથી બોટલના ઢાંકણા, સિગારેટના ટુકડા, સ્ટ્રો અને એરપોડ જેવો કચરો ભેગો કર્યો હતો. તેણે આ કચરાને નાના પારદર્શક પ્લાસ્ટિક ક્યુબ્સમાં સીલ કરીને 'આર્ટ' તરીકે રજૂ કર્યો હતો. તેણે દરેક ક્યુબની કિંમત ૨૫ ડોલર (આશરે ૨,૪૦૦ રૂપિયા) રાખી હતી. તેણે આવા ૫૦ ક્યુબ્સ વેચીને કુલ ૧,૨૫૦ ડોલર એટલે કે આશરે ૧.૨ લાખ રૂપિયાની કમાણી કરી લીધી. ટેલરના ચાહકોએ લગ્નની અનોખી યાદગીરી પોતાની પાસે રાખવા માટે આ બધો કચરો હોંશેહોંશે ખરીદ્યો હતો.




# અમેરિકાના મિઝુરી રાજ્યમાં ભારે પૂર: કટોકટી જાહેર

**દક્ષિણ-પૂર્વ** મિઝોરીમાં વાવાઝોડા સાથે ૬થી ૧૨ ઇંચ વરસાદ પડ્યો

**રસ્તાઓ** અને રહેણાક વિસ્તારો પાણીમાં ગરકાવ, તણાઇ ગયેલી એક યુવતિ લાપતા

**એક** બિલ્ડિંગ તૂટી પડી, ૨૦ને બચાવાયા

રેનોલ્ડ્સ કાઉન્ટિ(અમેરિકા), તા. ૧૧: અમેરિકાના મિઝુરી સ્ટેટમાં ભારે વરસાદ પછી સખત પૂરની સ્થિતિ સર્જાઇ છે અને હજી તો સ્થિતિ વણસી શકે છે તેવી આગાહી કરવામાં આવી છે.

હવામાનશાસ્ત્રીઓએ જેને 'સદીઓમાં એકાદ વાર જ જોવા મળતો' મુશળધાર વરસાદ ગણાવ્યો છે, તેના કારણે નદીઓની જળસપાટી ઐતિહાસિક સ્તરે પહોંચી ગઈ છે અને મિઝુરીના કેટલાક ભાગોમાં કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે.નેશનલ વેધર સર્વિસ દ્વારા હજારો લોકોને ઘોડાપૂરની કટોકટી હેઠળ મૂકવામાં આવ્યા છે. રેનોલ્ડ્સ કાઉન્ટીના શેરિફ કાર્યાલયના જણાવ્યા અનુસાર, બચાવ ટુકડીઓએ અત્યાર સુધીમાં ૯૦થી વધુ લોકોને પાણીમાંથી સુરક્ષિત બહાર કાઢ્યા છે. દક્ષિણ-પૂર્વ મિઝોરીમાં બ્લેક રિવરની આસપાસ સતત ત્રાટકેલા વાવાઝોડા અને ભારે વરસાદને કારણે ૬થી ૧૨ ઇંચ જેટલું પાણી ખાબક્યું હતું, જેના લીધે રસ્તાઓ, કેમ્પ ગ્રાઉન્ડ્સ અને રહેણાંક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. અધિકારીઓએ શુક્રવારે સાંજે ચેતવણી આપી હતી કે આ ખતરો હજી ટળ્યો નથી, કારણ કે નદીઓનું સ્તર સતત વધી રહ્યું છે અને આગામી કલાકોમાં વધુ પૂર આવવાની સંભાવના છે. શુક્રવારે દિવસ દરમિયાન નદી ૨૮.૭ ફૂટની અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગઈ હતી. પૂરના ધસમસતા પાણીમાં ઘર તણાઈ ગયા બાદ એક યુવતી હજી પણ ગુમ છે.

એક સ્થળે ભારે વરસાદ અને પૂર વચ્ચે એક બિલ્ડિંગ તૂટી પડ્યા બાદ બચાવ કાર્યકરોએ ૨૦ જણાને સલામત બહાર કાઢ્યા હતા. એક સ્થળે બે રેસ્ક્યુ બોટ જ પૂરના પાણીમાં ડૂબી ગઇ હતી. જો કે તેમાંના બચાવ કાર્યકરોને બચાવી લેવાયા હતા.

# ચીન પર બાવી વાવાઝોડું ત્રાટક્યું: ૨૦ લાખનું સ્થળાંતર

**આ** વાવાઝોડાની અસરથી ફિલિપાઇન્સમાં ૧૭નાં મોત, તાઇવાનમાં ૧૧૩ને ઇજા, જાપાનમાં પણ ભારે વરસાદ

**વાવાઝોડું** ત્રાટકતા પહેલા ચીનમાં લાખો લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાવાયું, મોડી રાત્રે લેન્ડફોલ થયું

તાઈપેઈ, તા. ૧૧(AP): શનિવારે પૂર્વી ચીનમાં વાવાઝોડું 'બાવી' ત્રાટકતાં ભારે પવન અને મૂસળધાર વરસાદ શરૂ થયો હતો , જો કે આ વાવાઝોડું આવતા પહેલા આશરે ૨૦ લાખ લોકોનું સ્થળાંતર કરાવી દેવામાં આવ્યું હતું.

વાવાઝોડું 'બાવી' ચીનના પૂર્વીય કિનારા તરફ આગળ વધી રહ્યું હોવાથી, સ્થાનિક સત્તાવાળાઓએ ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ પરિસ્થિતિને પગલે રાજધાની બેઈજિંગ સહિત ચીનના કેટલાક શહેરોએ કટોકટીના પગલા વધુ મજબૂત કર્યા છે. ઝેજિયાંગ પ્રાંતીય હવામાન વેધશાળાએ જણાવ્યું હતું કે, ચાલુ વર્ષનું આ નવમું વાવાઝોડું 'બાવી' સ્થાનિક સમય પ્રમાણે શનિવારે રાત્રે આશરે ૧૧:૨૦ વાગ્યે પૂર્વી ચીનના ઝેજિયાંગ પ્રાંતના દરિયાકાંઠે ત્રાટક્યું હતું.

સરકારી સમાચાર સંસ્થા 'સિન્હુઆ'ના અહેવાલ મુજબ, આ વાવાઝોડું તેના કેન્દ્રમાં પ્રતિ સેકન્ડ ૪૦ મીટરની મહત્તમ પવનની ગતિ સાથે યુહુઆન નામના કાઉન્ટી-સ્તરના શહેરના દરિયાકાંઠે ટકરાયું હતું.

# બહામાસમાં નાનું વિમાન તૂટી પડતાં 10નાં મોત

**સ્વતંત્રતા** દિવસની ઉજવણી વચ્ચે બહામાસમાં ગમખ્વાર અકસ્માત ફ્લેમિંગો એર પર પ્રતિબંધ



સેન જુઆન, તા. 11 (એપી) શુક્રવારે બહામાસમાં એક નાનું વિમાન તૂટી પડતાં 10 લોકોનાં મોત થયાં છે અને આ દુર્ઘટનાને પગલે સરકારે ફ્લેમિંગો એરની ફ્લાઈટ્સ પર કામચલાઉ પ્રતિબંધ મૂકી દીધો છે. આ જીવલેણ ઘટના દ્વીપસમૂહની રાજધાની નાસાઉની પશ્ચિમે આવેલા નોર્થ એન્ડ્રોસના દરિયાઈ વિસ્તારમાં બની હતી. બહામાસના વડા પ્રધાન ફિલિપ બ્રેવ ડેવિસે શરૂઆતમાં જણાવ્યું હતું કે, એક વ્યક્તિ બચી ગઈ છે, પરંતુ પાછળથી તેમણે એક પત્રકાર પરિષદમાં પુષ્ટિ કરી હતી કે તે વ્યક્તિનું પણ ઈજાઓ થવાને કારણે મોત નીપજ્યું છે. ભોગ બનેલા લોકોની સત્તાવાર ઓળખ હજી જાહેર કરવામાં આવી નથી. વડા પ્રધાન ડેવિસે જણાવ્યું હતું કે, "આપણે ભારે શોકના માહોલ વચ્ચે એકઠા થયા છીએ." ડેવિસે નોંધ્યું કે, લોકો બહામાસની 53મી સ્વતંત્રતા વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યા હતા.


**દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
વાપી ગ્રામ્ય વિભાગીય કચેરી
બલિઠા બ્રિજની પાસે, બલિઠા, વાપી -396191
DGVCL
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩
**વીજ પ્રવાહ બંધ રહેવા અંગેની જાહેરાત**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, નીચે દર્શાવેલ સબ-સ્ટેશનમાં તથા ફીડરોમાં જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે જે તે ફીડરો તથા સબ-સ્ટેશનનો વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી ખડકી | ૧૧ કે.વી. સારણ | ઉદવાડા | ૯૯૦૯૯૩૭૬૦૯ | ૧૩-૦૭-૨૦૨૬/ સોમવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦૦ |
| ૨ | ૬૬ કે.વી. કોલક | ૧૧ કે.વી. કોલક | ઉદવાડા | ૯૯૦૯૯૩૭૬૦૯ | ૧૭-૦૭-૨૦૨૬/ શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૩ | ૬૬ કે.વી. કોલક | ૧૧ કે.વી. કીકરલા | ઉદવાડા | ૯૯૦૯૯૩૭૬૦૯ | ૧૪-૦૭-૨૦૨૬/ મંગળવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| ૪ | ૨૨૦ કે.વી. બલિઠા | ૧૧ કે.વી. આશાધામ | વાપી ટાઉન | ૯૮૭૯૨૦૦૯૯૨ | ૧૬-૦૭-૨૦૨૬/ ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |

કાર્યપાલક ઇજનેર, વાપી રૂરલ વિભાગીય કચેરી, બલિઠા.
એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.


**બંને દેશો પોતાના સંબંધો વ્યૂહાત્મક ભાગીદારીની ઊંચાઇએ લઇ ગયા**

# ભારત-ન્યૂઝીલેન્ડ ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષી વ્યાપાર બમણો કરવા સંમત

**ન્યૂઝીલેન્ડ** પહોંચેલા વડાપ્રધાન મોદીએ ત્યાંના વડાપ્રધાન લક્સન સાથે મંત્રણા કરી

**બંને** દેશો વચ્ચે ૧૦ કરારો થયા, અનેક ક્ષેત્રોમાં સહકાર વધારવા સહમતિ, પાંચ વર્ષમાં દ્વિપક્ષી વેપાર ૩૫૦૦૦ કરોડ રૂ. સુધી પહોંચાડાશે

**ચીનની** દાદાગીરી વચ્ચે શાંતિપૂર્ણ ઇન્ડો-પેસેફિક ક્ષેત્ર માટે બંને દેશો સહકાર કરશે




ઓકલેન્ડ, તા. 11(PTI): ભારત અને ન્યુઝીલેન્ડે શનિવારે તેમના સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીમાં રૂપાંતરિત કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના ન્યુઝીલેન્ડના સમકક્ષ ક્રિસ્ટોફર લક્સન વચ્ચેની વાતચીત બાદ, બંને દેશોએ 2030 સુધીમાં માલસામાન અને સેવાઓમાં તેમનો વાર્ષિક દ્વિપક્ષીય વેપાર બમણો કરીને રૂ. 35,000 કરોડ સુધી પહોંચાડવાનું પાંચ વર્ષનું લક્ષ્ય નક્કી કર્યું છે.

આ બેઠકમાં 18 નક્કર પરિણામો સામે આવ્યા છે, જેમાં 10 કરારોનો સમાવેશ થાય છે. આમાં મુખ્યત્વે આગામી ચાર વર્ષમાં સંબંધોને વિસ્તારવા માટેનો રોડમેપ, ભારત-પ્રશાંત(ઈન્ડો-પેસિફિક) દરિયાઈ સહયોગ વધારવા માટેનું માળખું અને ભારતીય નૌકાદળ તેમજ ન્યુઝીલેન્ડ ડિફેન્સ ફોર્સ વચ્ચે પરસ્પર લોજિસ્ટિક્સ સપોર્ટ કરારનો સમાવેશ થાય છે. વાતચીત બાદ મોદીએ કહ્યું, અમે અમારા સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીમાં બદલવાનો નિર્ણય કર્યો છે. અમે સ્પષ્ટ લક્ષ્યો અને નક્કર પરિણામો સાથે દરેક ક્ષેત્રમાં આગળ વધીશું. એક સંયુક્ત નિવેદનમાં નોંધવામાં આવ્યું છે કે મોદી અને લક્સને ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર પર વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું અને મુક્ત, ખુલ્લા અને સમૃદ્ધ ક્ષેત્ર માટે તેમની સહિયારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે સાર્વભૌમત્વ, પ્રાદેશિક અખંડિતતા અને નિયમો આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાની જાળવણીના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો. નિવેદનમાં જણાવાયું છે કે, બંને વડાપ્રધાનોએ આંતરરાષ્ટ્રીય કાયદા, ખાસ કરીને દરિયાઈ કાયદા પરના 1982ના સંયુક્ત રાષ્ટ્રના સંમેલન(UNCLOS) અનુસાર વહાણવટા અને ઉપરથી ઉડ્ડયનની સ્વતંત્રતા તેમજ સમુદ્રના અન્ય કાયદેસરના ઉપયોગો માટે આહ્વાન કર્યું હતું.

ઈન્ડો-પેસિફિકમાં સહયોગ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાના ભાગરૂપે, બંને પક્ષો સહયોગ, સંકલન અને માહિતીના આદાનપ્રદાનને મજબૂત કરવા માટે દરિયાઈ સુરક્ષા સંવાદ સ્થાપિત કરવા માટે પણ સંમત થયા હતા.

## મોદીની ઓકલેન્ડ સફર: 25 વર્ષ જૂનું મફલર અને યાદો



ઓકલેન્ડ, તા. 11: પીએમ નરેન્દ્ર મોદીએ ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડમાં ભારતીય સમુદાયના એક કાર્યક્રમને સંબોધિત કર્યો હતો. પીએમ મોદીએ જણાવ્યું કે, ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેના સંબંધો દોસ્તી, સમાન મૂલ્યો અને મજબૂત ભવિષ્યની પ્રતિબદ્ધતા પર આધારિત છે. પીએમ મોદીએ ન્યૂઝીલેન્ડમાં ભારતીય શહેરોના નામ ધરાવતી સડકોનો ઉલ્લેખ કરી પ્રવાસી ભારતીયોની પ્રશંસા કરી હતી, જેનાથી તેમનું મસ્તક ગર્વથી ઊંચું થાય છે. આ કાર્યક્રમ દરમિયાન પીએમ મોદી પોતાનું એક જૂનું સંસ્મરણ યાદ કરીને ભાવુક થયા હતા. મોદીએ જણાવ્યું હતું કે, આશરે ૨૫થી ૩૦ વર્ષ પહેલાં, જ્યારે તેઓ જાહેર જીવનમાં સક્રિય નહોતા અને તેમને કોઈ ઓળખતું નહોતું, ત્યારે તેઓ ન્યૂઝીલેન્ડની યાત્રાએ આવ્યા હતા. તે સફર દરમિયાન ત્યાંના એક સ્થાનિક નાગરિકે તેમને પ્રેમપૂર્વક ત્રણ વસ્તુઓ ભેટ આપી હતી: એક મફલર, એક ટોપી અને હાથનાં મોજાં. પીએમ મોદીએ ગર્વ સાથે જણાવ્યું હતું કે, તેઓ એ ૨૫ વર્ષ જૂનું મફલર આજે પણ અત્યંત સંભાળીને રાખે છે અને આજે ઓકલેન્ડના આ કાર્યક્રમમાં પણ તેઓ એ જ પ્રેમના પ્રતીક સમાન મફલર પહેરીને આવ્યા છે, જે બંને દેશો વચ્ચેના મજબૂત સંબંધોને પ્રતિબિંબિત કરે છે.







DGVCL
**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
પીપલોદ (સં. અને નિ} વિભાગીય કચેરી
પેહલો માળ,ઈ-સ્પેસની સામે,ભગવાન મહાવીર કોલેજ ચાર રસ્તા,ન્યુ વી.આઈ.પી.રોડ,ભરથાણા-વેસુ,સુરત-૩૯૫૦૦૭
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩(કે ૧૮૦૦૨૩૩૩૦૦૩)

આથી અમારા માનવંતા ગ્રાહકો ને જણાવવાનું કે સબસ્ટેશન ની અગત્યની સમારકામ,RDSS તથા એનડી ની કામગીરી હોવાના કારણે નીચે દર્શાવેલ સબસ્ટેશનમાંથી નીકળતા તમામ ફીડરોનો વીજપ્રવાહ નીચે દર્શાવેલ તારીખ અને સમય મુજબ બંધ રહેશે.

| સબ સ્ટેશન | ફીડર | સબ ડિવિઝન | વિસ્તાર | ફોલ્ટ સેન્ટર નં | તારીખ | સમય |
|---|---|---|---|---|---|---|
| ઈચ્છાપોર | ૧૧ કે.વી ભાઠપોર જી.આઈ.ડી.સી | ઈચ્છાપોર | ભાઠપોર જી.આઈ.ડી.સી નો વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૩.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| મોરા | ૧૧ કે.વી MHI | ઈચ્છાપોર | L&T 220 KV સબ સ્ટેશન | ૧૯૧૨૩ | ૧૩.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| સેગવાછામા | ૧૧ કે.વી મલગામા | ઈચ્છાપોર | મલગામા ગામ | ૧૯૧૨૩ | ૧૩.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| SVNIT | ૧૧ કે.વી અગ્રેસન | અલથાણ | અણુંવ્રત દ્વાર ની આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૪.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| ભેસ્તાન | ૨૨ કે.વી બમરોલી | બમરોલી | Dmart અને પિયુષ પોઈન્ટ ને આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૪.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| વડોદ | ૧૧ કે.વી તુલસી | બમરોલી | જય અંબે, જૈનમ માર્બલ ને આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૪.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| વેસુ-૨ | ૧૧ કે.વી નંદીની | મગદલ્લા | શૃંગાર રેસીડન્સી ને આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૪.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| સેગવાછામા | ૧૧ કે.વી બરબોધન | ઈચ્છાપોર | બરબોધન ગામ ને આજુબાજુ ના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૪.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| ઈચ્છાપોર | ૧૧ કે.વી ભુલકા વિહાર | ઈચ્છાપોર | ભાઠા, ભાઠપોર ગામ | ૧૯૧૨૩ | ૧૫.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| ઈચ્છાપોર | ૧૧ કે.વી SMC ભેપાણ | ઈચ્છાપોર | SMC અસારમા પ્લાન્ટ ની આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૫.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| ઈચ્છાપોર | ૧૧ કે.વી રાંદેર સીટી-૧ | ઈચ્છાપોર | વેલ પાર્કને આજુબાજુ નો વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૫.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| ખજોદ | ૧૧ કે.વી મંગલમ | મગદલ્લા | સેલિબ્રિટીગ્રીન અને તેના આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૫.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| વેસુ-૧ | ૧૧ કે.વી સ્ટેડિયમ | પીપલોદ | કુંભાત ને આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૫.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| ડુમસ | ૧૧ કે.વી સાયલન્ટ ઝોન | મગદલ્લા | સાયલન્ટ ઝોન ને આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૬.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| ભીમરાડ | ૧૧ કે.વી એટલાંટા | અલથાણ | રાજહંસ અને પોદ્દાર ની આજુબાજુ નો વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૬.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| ભીમરાડ | ૧૧ કે.વી કલામંદિર | અલથાણ | મહાવીર કોલેજની આજુબાજુનો વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૬.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| GHB | ૧૧ કે.વી O2 ફિડર | ઈચ્છાપોર | ગુજરાત હીરા બુર્સ O અને P લાઈનનો વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૭.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| ખજોદ | ૧૧ કે.વી ગોલ્ડ | અલથાણ | આભવા ગામ ને આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૭.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| ભીમરાડ | ૧૧ કે.વી માન સરોવર | અલથાણ | ધીરજ સન્સ ને આજુ બાજુ નો વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૭.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| વડોદ | ૧૧ કે.વી. શ્રીરામ | બમરોલી | હરિઓમ ઈન્ડ-૨ ને આજુબાજુનો વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૭.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| વડોદ | ૧૧ કે.વી. સાઈ મોહન | વડોદ | સાઈમોહન ૧ થી ૫, ઓમ ઇન્ડને આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૭.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| ભીમરાડ | ૧૧ કે.વી ભીમરાડ | અલથાણ | સરસાના ગામ ને આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૮.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| ભીમરાડ | ૧૧ કે.વી ભગવાન મહાવીર | અલથાણ | ભગવાનમહાવીર કોલેજ, ભીમરાડ પોલીસચોકી ને આજુ બાજુ નો વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૮.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| વેસુ | ૧૧ કે.વી સુલતાનાબાદ | મગદલ્લા | આભવા ની આજુબાજુ ના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૮.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| વેસુ-૨ | ૧૧ કે.વી સંગીની | અલથાણ | સાંઈદ્વાર, મોહનદ્વાર અને મેહન્દીપુરમ બાલાજી મંદિર અને તેની આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૮.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |
| વેસુ-૨ | ૧૧ કે.વી ભરથાણા | અલથાણ | VIP રોડ અને ભરથાણા ગામ ને આજુબાજુનો વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૮.૦૭.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૪:૦૦ |

નોંધ :- સમારકામ પૂર્ણ થયેથી કોઇપણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે.
કાર્યપાલક ઈજનેર(સં.અને નિ) પીપલોદ વિભાગીય કચેરી,દ.ગુ.વી.કે.લિ.
ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠકઃ દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તળ કચેરીએ